# બંધ મોંનું સ્મિત

"દિનુભાઈ, એક મિનિટ..." રસ્તાની સામે પારથી બૂમ પાડી હતી, દિનુ ઊભો રહી ગયો. બે-ચાર તોતિંગ બસ, રિક્ષાઓ અને મોટરકાર પસાર થઈ ગયાં. પછી સામે જોયું તો બત્તીના થાંભલા નીચે નંદન ઊભો-ઊભો એની સામે જોઈને હસતો હતો. હસવાનું એવું, ખૂબ જ નિકટતાભર્યું, અમસ્તુંય નંદન મોં બીડીને સ્મિત કરે ત્યારે ખૂબ  મોટાઈથી ભર્યો-ભર્યો લાગતો. દિનુએ સામે જોયું એટલે નંદને આંગળીથી ઇશારો કર્યો. દિનુએ જવું જ પડ્યું.

"કાં?" દિનુએ "કેમ છો?"ના અર્થમાં પૂછ્યું.

"એક જરા ત્રીસેક રૂપિયા ખિસ્સામાં હશે?" નંદને પૂછ્યું.

બે-ચાર સંવાદોને અંતે નંદને માગણી કરી હોત તો જરા દૂરના લાગતા સંબંધોમાં ગોઠવી-ગોઠવીને વાત કરી એવું લાગત. પણ "કાં?"ના જવાબમાં બહુ નિખાલસ સ્પષ્ટ વાત આવી હતી, "મારે જરા એક ઍરબૅગ લેવી છે. સામેની દુકાનમાંથી, એટલે..." નંદન બંધ મોંએ મલક્યો, "બપોરે ઘેર ગયો ત્યારે પૅન્ટ બદલ્યું, એમાં પૈસા રહી ગયા." આટલું બધું બોલવા છતાં પોતે પૈસા નથી કાઢી આપતો એ બદલ દિનુને દિલગીરી થઈ. કેટલી મોટી ફર્મનો ટાઇપિસ્ટ, એની પાસે ત્રીસ રૂપિયા ઉછીના માગતો હતો. સરસ તક કહેવાય. દિનુએ ગજવાં ફંફોળ્યાં. પૂછ્યું, "વધારે જોઈએ છે?"

નંદને સ્મિત કરીને બહુ મોટાઈપૂર્વક ના પાડી. પછી બોલ્યો, "કાલે પહોંચાડી દઈશ..."

"અરે... અરે..." પછી શું બોલવું? દિનુ શરમ અનુભવી રહ્યો. અંતે એ બોલ્યો "અરે હવે આપ્યા જ છે... એમાં શું?"

"ના રે ના..." નંદને નમ્રતાપૂર્વક ડોક હલાવી, "વહેવારે વાત

છે ને?" થોડી આડીઅવળી વાત કરીને દિનુએ બસ પકડી લીધી. ચંપલ હવે થોડા દિવસ પછી લેવાશે. એમાં શું? નંદનભાઈ જેવો માણસ આ રીતે સંબંધ બાંધે એ પણ બહુ કહેવાય. નહીંતર ક્યાં ઝાઝી ઓળખાણ હતી? રતિભાભી મારફત બે-ચાર વાર મળેલા એટલું જ ને?

થોડા દિવસે એકાએક નંદનનો ફોન આવ્યો! "સૉરી હોં દિનુભાઈ, તમારા પૈસા..."

"હવે બીજી વાત કરો નંદનભાઈ, પૈસા ક્યાં ભાગી જવાના છે? અને ન આપ્યા તોય શું?"

"એવું હોય..." નંદનભાઈ કાનમાં બોલતા હોય એમ બોલ્યા, "પૈસા અને મિત્ર, એમાં ચોખ્ખો એની જીત."

"કવિ લાગો છો, તમે તો નંદનભાઈ."

"કવિ થાત પણ હવે ચાન્સ નથી. પ્રમોશન મળ્યું છે, આજ સેક્રેટરીની પોસ્ટ મળી. જવાબદારી વધી."

"કૉન્ગ્રેચ્યુલેશન્સ," દિનુ ઉત્સાહમાં આવીને બોલ્યો, "મોટી પોસ્ટ પર આવ્યા પછી નાના મિત્રોને ભૂલી નહીં જતા અને હા, પાર્ટી ક્યારે?"

નંદનભાઈએ ખરેખર પાર્ટીમાં એને બોલાવ્યો. પોતાના સહકાર્યકરો વચ્ચે દિનુનું માન વધે એવી રીતે એની ઓળખાણ કરી, "નાની પોસ્ટ પર છે, પણ એમના સાહેબ એમને પૂછીને પાણી પીએ."

લગભગ બસો-અઢીસો ખર્ચી નાખ્યા હશે નંદનભાઈએ. દિનુ જવા માટે રજા લેવા ગયો ત્યારે બારણા સુધી વળાવવા આવ્યા. બારણા પાસે એકાએક એને યાદ આવ્યું હોય એમ ગજવામાં હાથ નાખ્યો. સોની નોટ નીકળી. દિનુને યાદ તો હતું પણ યાદ છે એમ કબૂલ કરતાં શરમ આવતી હતી. એ બોલ્યો, "શું છે નંદનભાઈ?"

"આ તમારા પૈસા... સોની નોટ રાખો... સિત્તેર પાછા ગમે ત્યારે..."

"રાખો હવે..." દિનુએ એમનો હાથ પાછો ઠેલવવાની ચેષ્ટા

હવામાં જ કરી, "પછી લઈ લઈશ"..." નંદનભાઈ બોલ્યા નહીં. સોની નોટને ભૂંગળીની જેમ વાળીને બેપરવાઈથી રમતા રહ્યા.

નંદનભાઈ ખરેખર સારા માણસ તો હતા જ, પણ ખૂબ જ કાર્યદક્ષ પણ નીકળ્યા. દિનુ હજી માંડ ક્લાર્ક થયો ત્યાં ત્રણેક વરસમાં તો નંદનભાઈ પેલી પેઢીમાં મૅનેજર બની ગયા. એમને બંગલો-ગાડી અને ફર્નિચર મળ્યાં હતાં. કંપનીએ એને જે કંઈ આપ્યું હતું એમાં છુટ્ટે હાથે પોતાના પૈસા ખર્ચીને એમણે સારી સજાવટ કરી હતી. ઝભ્ભા-લેંઘામાંથી સફારી ઉપર આવી ગયા હતા. ક્યારેક મોટરમાં દિનુને લિફ્ટ પણ આપતા. ત્રીસ રૂપિયાની વાત યાદ કરવાનો તો કોઈ પ્રશ્ન જ નહોતો.

એક દિવસ સવારમાં એ દિનુને ત્યાં આવી ચડ્યા. આંગણામાં ગાડી પાર્ક થયેલી જોઈને દિનુને અને એની પત્નીને ગૌરવ થયું. ચા-પાણી નંદનભાઈ પીતા નહોતા. લીંબુનું પાણી માંડ પીધું. ઘરમાં નજર ફેરવીને પછી બોલ્યા, "તમારે ઘરમાં હવે સ્ટીલનો પલંગ જોઈએ."

"લેવો જ છે અમારે," દિનુની પત્ની બોલી, "પણ..." એ બોલતાં-બોલતાં અટકી ગઈ. "નંદનભાઈ તો મિત્ર છે." દિનુ બોલ્યો, "શું છુપાવવું? પાંચસો રૂપિયા ભેગા કર્યા છે. હજુ બીજા ત્રણસો-ચારસો ભેગા થાય એટલે લઈ લઈએ."

"અરે!" નંદનભાઈને હસવું આવ્યું, "તમારે લેવો હોય ત્યારે કહેજો ને! હું તમને પાંચસોમાં આલાગ્રાંડ બનાવડાવી દઈશ. મારા ઓળખીતાની વર્કશૉપ છે. અગાઉથી પૈસા દઈને ઑર્ડર દેવો પડે. જો ગયે મહિને જ ચાર લીધા. બે મારા સાળાને અપાવ્યા. જોડીનાં પાંચસો."

"મને સરનામું આપો ને" દિનુ અધીરાઈથી બોલ્યો, "હું આપી આવું આજે જ. એટલા તો ઘરમાં છે જ."

"તમને એમ દાદ નહીં દે. સમજ્યા!" નંદને બંધ હોઠે મલકીને કહ્યું, "મારે જ જવું પડશે. મારે માટે છે એમ કહેવું પડશે. પૈસાય મારે જ દેવા પડશે અગાઉથી."

પતિ-પત્નીએ સામે જોયું. પતિએ સંમતિમાં આંખ ઝળકાવી. પત્ની ઝડપથી ઊભી થઈને કબાટ પાસે ગઈ. “આ લો નંદનભાઈ...” એ બોલી, “તમે જ લઈ જાઓ અને ઑર્ડર આપી દો, કહેજો કે સારા બનાવે.”

“અરે રાખો ને.” નંદનભાઈ બોલ્યા, “પૈસા હું આપી દઈશ.”

“ના... ના...” પણ શું કામે? હાજર છે તો લઈ જ જાઓ ને? પછી વપરાઈ જશે.”

નંદનભાઈએ હસતાં-હસતાં પૈસા ગજવામાં મૂક્યા. “ને મારી પાસે વપરાઈ જશે તો?”

“તો ઘોળ્યા...” દિનુની પત્ની બૈરાશાઈ રીતે બોલી, “તમે ક્યાં ભાગી જવાના છો? મોટી કંપનીના સાહેબ છો. પાંચસોને સાટે હજાર લઈ જશું.”

“જરૂર...” નંદનભાઈ બોલ્યા અને ઊભા થયા. ગાડી પાસે આવ્યા. હમણાં જ નવો રંગ કરાવ્યો હતો. ગાડી ચકચકતી હતી. પાછળ પડદા પણ નખાવ્યા હતા.

“માણસ કમાઈ પણ જાણે છે, ખર્ચી પણ જાણે છે.” દિનુ બોલ્યો.

■

“ચારેક માસ પછી દિનુ નંદનભાઈની ઑફિસે ગયો. “નંદનભાઈ પેલો પલંગ...”

“ભૂલી ગયો છું... તમારા પૈસા... એ બોલતાં-બોલતાં ફાઈલમાં ગૂંથાઈ ગયા.

“કંઈ વાંધો નહીં... પછી આવીશ.” દિનુ ઊઠી ગયો.

વળી એકાદ માસ પછી...

“નંદનભાઈ, પલંગ લેવો છે. પેલા પૈસા...”

“ચા લેશો કે કૉફી?”

“ગમે તે ચાલશે.”

કૉફીનો ઑર્ડર આપીને નંદનભાઈ બોલ્યા, “બૅન્કમાં પાંચ લાખ

પડ્યા હોય પણ ખિસ્સામાં પચાસ ન હોય, અમારું એવું...”

“ચેક આપી શકશો?”

“હવે પાંચસો રૂપરડી માટે બૅન્કમાં એન્ટ્રી ક્યાં પાડવો? લઈ જજો ને ગમે ત્યારે.”

“ગમે ત્યારે એટલે ક્યારે?”

“શું યાર તમેય? ગમે ત્યારે એટલે ગમ્મે ત્યારે...” એ બંધ મોંએ હસ્યા.

■